૨૦મી ઓક્ટોબર, ૨૦૦૬

માનનીય વડા પ્રધાનશ્રી,

રાષ્ટ્રીય જ્ઞાન આયોગ સાથેની આપની બેઠકમાં જ્ઞાન સમાજના પાયા તરીકે સર્વગ્રાહી સમાજના મહત્ત્વ ઉપર આપે હમેશાં ભાર મૂક્યો છે. આના કારણે શિક્ષણના માધ્યમ તરીકે કે વાતચીતના સાધન તરીકે નહિ પણ પ્રવેશ માટેની નિર્ણાયક બાબત તરીકે પણ ભાષાના મહત્ત્વ ઉપર વિચાર કરવા માટે આપણે પ્રેરાયા. આપણે એ નિર્ણય ઉપર આવ્યા હતા કે અંગ્રેજી ભાષાની સમજ અને તેના ઉપરનું પ્રભુત્ત્વ ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ, રોજગાર શક્યતાઓ અને સામાજિક તકો માટેનું કદાચ સૌથી મહત્ત્વનું નિર્ણાયક પાસું છે. અંગ્રેજી ભાષામાં પૂરતી તાલીમ નહિ પામેલા શાળા છોડી જનાર વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણના જગતમાં હમેશાં અવરોધોનો સામનો કરતા હોય છે. કોઇકવાર નહિ પણ ધણીવખત શિક્ષણ અંગ્રેજીમાં આપવામાં આવે છે. જો આમ ન હોય તો પણ મોટા ભાગના વિષયોનાં પુસ્તકો અને જર્નલો ફક્ત અંગ્રેજીમાં

ઉપલબ્ધ હોય છે અને જેઓ પૂરતું અંગ્રેજી જાણતા નથી હોતા તેઓ આપણી અગત્યની સંસ્થાઓમાં સ્થાન મેળવવા માટે સ્પર્ધા કરવામાં ખૂબ જ મુશ્કેલીઓ અનુભવે છે. આ ગેરલાભ વ્યવહાર માટેની નોકરીઓમાં જ નહિ પણ વ્હાઇટ કોલર નોકરીઓમાં તેમજ કામકાજના જગતમાં વધુ તીવ્રપણે જોવા મળે છે.

આ વાસ્તવિકતાની આપણા લોકોને ખબર નથી. જેઓ માને છે કે અંગ્રેજી ભાષા વધુ સારા જીવન ધોરણમાં પ્રવેશ માટે તેમજ તે માટેની તકો માટે મહત્ત્વનું નિર્ણાયક પરિબળ છે. પ્રાપ્ત માહિતી એવું દર્શાવે છે કે મધ્યમ કે ઓછી આવક ધરાવતાં પરિવારો પ્રમાણમાં મોઘી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પોતાનાં બાળકોને મોકલવા પાછળ તેમની મધ્યમ આવકનો એક મોટો ભાગ ખર્ચે છે. બાળકો માટે આવી શૈક્ષણિક તકો અગ્રસ્થાને છે. જે કુટુંબ માટેની આરોગ્ય સંભાળની લગભગ બરોબર છે. પણ મોટા ભાગના લોકો એવા છે કે જેઓ આ માટેનાં સાધનો ધરાવતા હોતા નથી. પરિણામની વાત જવા દો, અમે માનીએ

છીએ કે જાહેર જોગવાઇ દ્વારા આ બાબતમાં સમાવેશ શક્ય છે.

પરિસ્થિતિની વિચિત્રતા છે. અંગ્રેજી એક સદી કરતાં પણ વધુ સમયથી આપણી શિક્ષણ પ્રથાનો એક ભાગ રહી છે. તેમ છતાં અંગ્રેજી મોટા ભાગના આપણા યુવાનોની પહોંચની બહાર છે. જેનાથી પ્રવેશ ઘણો મુશ્કેલ બન્યો છે. હકીકતમાં અત્યારે પણ આપણા એક ટકા કરતાં પણ ઓછા લોકો તેનો બીજી ભાષા તરીકે ઉપયોગ કરે છે. પ્રથમ ભાષાની વાત જ જવાદો.

આ વાસ્તવિકતા એકાએક બદલી શકાય નહિ પણ રાષ્ટ્રીય જ્ઞાન આયોગ માને છે કે શાળાઓમાં ભાષા તરીકે અંગ્રેજી આપણા લોકો, સામાન્ય લોકોને શીખવવા માટે આપણા માટે સમય થયો છે અને આપણને વિશ્વાસ છે કે આ ક્ષેત્રમાંનું પગલું અત્યારથી શરૂ કરીને સમગ્ર સમાજનું નિર્માણ કરવામાં મદદરૂપ થશે અને ભારતને જ્ઞાન સમાજમાં બદલી શકાશે. ફકત બાર જ વર્ષમાં આપણું શાળેય શિક્ષણ પૂરું કરનાર વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ તેનાથી મળી શકશે અને તે

પછીનાં ત્રણથી પાંચ વર્ષમાં નોકરીની તકો માટે ઘણો પ્રવેશ મળી શકશે.

સરકાર, શિક્ષણ જગત, મીડિયા અને ઉદ્યોગ ઘણા લોકો સાથે આ વિષય અંગે અમે અવિધિસરરીતે ચર્ચા કરી હતી. અને રાજ્યોના કેટલાક મુખ્યમંત્રીશ્રીઓ સાથે પરામર્શ કર્યો હતો અને સંસદ સભ્યો સાથે પરામર્શ કર્યો હતો. અમે તબીબી અને કાયદાના વ્યવસાયીઓ સાથે પરામર્શ કર્યો હતો અને નાગરિક સમાજનાં સંગઠનો સાથે પરામર્શ કર્યો હતો. આમાં વિચારો અંગે સર્વસંમતિ હતી કે આ થઇ શકે અને કરવું જોઇએ. પ્રથમ પગલાની કાર્યવાહી ઘડી કાઢવા માટે અમે એક કાર્ય જૂથની પણ રચના કરી હતી. આ જૂથે આપેલ અહેવાલનો અમારી ચર્ચામાં સામગ્રી તરીકે ઉપયોગ કર્યો છે.

રાષ્ટ્રીય જ્ઞાન આયોગ ભલામણ કરે છે કે ભાષા તરીકે અંગ્રેજીનું શિક્ષણ શાળામાં ધોરણ ૧ થી શરૂ કરીને બાળકની પ્રથમ ભાષા (માતૃભાષા કે પ્રાદેશિક ભાષા) સાથે દાખલ કરવું જોઇએ. ભાષા

શિક્ષણના તબક્કામાં વ્યાકરણ કે નિયમો ઉપર અપ્રમાણસર ભાર મૂકયા સિવાય બાળક માટે અર્થપૂર્ણ શિક્ષણનો અનુભવ ઊભો કરવા માટે બંને ભાષાઓના ઉપયોગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

આપણે જોઇએ છીએ કે નવ રાજ્યો ( જેમાંથી ૬ ઉત્તર-પૂર્વમાં છે) અને ૩ સંઘ પ્રદેશોએ ૧લા ધોરણથી ફરજિયાત વિષય તરીકે અંગ્રેજીને દાખલ કરી દીધું છે. આ ઉપરાંત ૧૨ રાજ્યો અને ત્રણ સંઘ પ્રદેશોએ ઓછામાં ઓછું પાંચમાં ધોરણ સુધી પ્રાથમિક શાળામાં જુદા જુદા તબક્કે અંગ્રેજીને ફરજિયાત વિષય બનાવ્યો છે. આમ છતાં અમલ ધીમો છે. અંગ્રેજી ભાષા શિક્ષણની ગુણવત્તા એટલી સારી નથી. શિક્ષકોની સંખ્યા કે શિક્ષણ સામગ્રી જેવી સહાયક વ્યવસ્થા પૂરતી કે યોગ્ય નથી. ધોરણ ૧ થી શરૂ કરીને ભાષા તરીકે અંગ્રેજીનું દેશ વ્યાપી શિક્ષણ દાખલ કરવા માગતા મૂળભૂત ફેરફારની અમે ભલામણ કરી રહ્યા છીએ. આ બાબત વિષયમાં વધારો કરવા માટેનું એક વલણ જ નથી. તેને શાળા અભ્યાસક્રમમાં સાથે સાંકળવાનો ઉદ્દેશ રખાયો છે.

ભાષા શિક્ષણને વિષય શિક્ષણથી અલગ પાડી શકાય નહિ અને તેને વિષય શિક્ષણ સાથે સાંકળવું જોઇએ. શાળામાં બીજા ધોરણથી શરૂ કરીને ભાષા સિવાયના બીજા કેટલાક વિષયો શિખવવા માટે અંગ્રેજીનો પણ ઉપયોગ કરી શકાય. આ માટે વિષયોની પસંદગી શિક્ષકોની કુશળતા અને પ્રાપ્ત સામગ્રી ઉપર આધાર રાખીને શાળા ઉપર છોડવી જોઇએ. આનાથી હકીકતમાં બહુ માધ્યમની શાળાઓ ઊભી થશે. આનાથી અંગ્રેજી માધ્યમની શાળાઓ અને પ્રાદેશિક ભાષાનાં માધ્યમોની શાળાઓ વચ્ચેની ભેદરેખા ઓછી થવામાં પણ મદદ થશે.

ભાષા શિક્ષણ અને અધ્યાપનના શિક્ષણશાસ્ત્રોને વાસ્તવિક સ્થિતિ અને દૈનિક જીવનમાં અર્થપૂર્ણ બનાવવા માટે યોગ્ય રીતે સબંધ સ્થાપિત કરવો જોઇએ. આ ઉપરાંત મૂલ્યાંકન, ગોખણ પટ્ટીથી મેળવેલ એકજ પાઠ્યપુસ્તકની પ્રવીણતાનું પરિણામ દર્શાવે તેવા સિદ્ધિના લક્ષ્યાંક દર્શાવવાના બદલે પ્રવીણતા ઉપર આધારિત હોવું જોઇએ. આ

માટે, ભાષા કૌશલના પ્રમાણન તેમજ ભાષા શિક્ષકની ભરતી માટે રાષ્ટ્રીય પરીક્ષણ સેવા (NTS) ની રચના કરવી જોઇએ.

અંગ્રેજી ભાષા શિક્ષકોના મોટા સમૂહની જરૂરિયાતને પહોંચી વળવા માટે અંગ્રેજીમાં ઊંચુ કૌશલ અને સારી વાતચીતની કળા ધરાવતા સ્નાતકોને વિધિસરની શિક્ષકની તાલીમની લાયકાત સિવાય જ દાખલ કરવા જોઇએ. રાષ્ટ્રીય પરીક્ષણ સેવાએ તૈયાર કરેલ યોગ્ય કાર્યપદ્ધતિથી તેમની પસંદગી કરાવી જોઇએ અને પછી તેમને ટૂંકી મુદતની તાલીમ આપવી જોઇએ. વધુમાં પોતાના વિષયોની જાણકારીને ધ્યાનમાં લીધા સિવાય જ ખાસ કરીને પ્રાથમિક કક્ષાએ શિક્ષકોને દેશભરના આશરે ચાલીસ લાખ શાળાના શિક્ષકોને વેકેશન તાલીમ કાર્યક્રમો કે બીજા ટૂંકા ગાળાના અભ્યાસક્રમો દ્વારા અંગ્રેજીમાંની તેમની નિપુણતા સુધારવા માટે તાલીમ આપવી જોઇએ. મોટા ભાગના શિક્ષકોના તાલીમ કાર્યક્રમો શિક્ષકોની જરૂરિયાતોના વાસ્તવિક મૂલ્યાંકન ઉપર આધારિત હોતા નથી. આમ, ભાષા શિક્ષણની તાલીમ

સહિત અત્યારે ચાલતી પૂર્વ સેવા અને સેવા અંતર્ગત તાલીમ આપતી સમગ્ર શિક્ષક તાલીમ પ્રથાની સંપૂર્ણપણે સમીક્ષા કરવાની જરૂર છે.

દેશમાંના અંગ્રેજી ભાષાના માહોલની વિવિધતાને સંતોષવા માટે અંગ્રેજી ભાષાનાં વિવિધ પુસ્તકો સુલભ બનાવવાં જોઇએ. આમ છતાં અમુક ધોરણો જળવાઇ રહે તે માટે દરેક તબક્કે પાઠ્યપુસ્તકના વિષયવસ્તુ માટેનાં ધોરણો નક્કી કરવાં જોઇએ. આ માટે ધોરણ ૧ થી ૧૨ સુધી દરેક કક્ષા માટે શૈક્ષણિક દૃષ્ટિએ અણિશુદ્ધ અંગ્રેજી પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટે એક નિષ્ણાત જૂથ બનાવવું જોઇએ. તેનો રાજ્યોએ છૂટથી ઉપયોગ કરવો જોઇએ અને સરળતાથી જોઇ શકાય તે માટે વેબ સાઇટ ઉપર મુકતરીતે મળતાં હોવા જોઇએ. રાજ્ય શૈક્ષણિક તાલીમ અને સંશોધન માટેની રાજ્ય પરિષદે (SCERT) શાળા મંડળ માટે પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટેની કેન્દ્રીય એજન્સી તરીકે ચાલુ રહેવી જોઇએ અને પાઠ્યપુસ્તકો લખવાની કામગીરીને વધુ વિકેન્દ્રિત કરવાની જરૂર છે. આ પ્રયાસમાં વધુ સહયોગ મળે તે માટે આ

ક્ષેત્રમાંની કુશળતા સાથેના નાગરિક સમાજ સંગઠનોને પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં સાંકળવા જોઇએ.

ભાષા શીખવવાની કામગીરી પ્રત્યક્ષ શિક્ષણ આપવાથી થઇ શક્તી ન હોવાથી આજુ-બાજુના વાતાવરણમાંથી પણ આત્મસાત કરવું પડે છે તેથી વર્ગ ખંડોને યોગ્ય પૂરક દૃશ્ય-શ્રાવ્ય અને છાપેલી સામગ્રીથી સુસજ્જ કરવાની જરૂર છે. સંખ્યાબંધ વિષયો ઉપર વિદ્યાર્થીઓની ઉંમરને અનુરૂપ પુસ્તક સંગ્રહો, મેગેઝીનો, વર્તમાનપત્રો, દૃશ્ય-શ્રાવ્ય સામગ્રી અને ભીંત ચિત્રો સહિત દરેક વર્ગ ખંડમાં સાધન સમૃદ્ધ ગ્રંથાલયો સ્થાપવાં જોઇએ. અંગ્રેજી ભાષાના વિધિસર અને અવિધિસર શિક્ષણ અને અધ્યાપન માટે દાખલ કરી શકાય તેવાં વિશિષ્ટ દ્વિભાષી રેડીઓ અને ટી.વી. ચેનલો દ્વારા વર્ગ ખંડ બહાર ભાષા શિક્ષણ માટેની તકો પણ ઊભી કરવી જોઇએ. વર્ગખંડની બહાર અંગ્રેજીના જ્ઞાનની ચર્ચા કરવા અને તેનો ફેલાવો કરવા માટે તેમજ તેનો ઉપયોગ વધારવા માટે જ્ઞાન મંડળો રચી શકાય. ભાષા શિક્ષણ

માટે વ્યાપક સાધનોની જરૂર રહે છે એમ સમજીને અંગ્રેજીભાષાનાં સાધનો (શિક્ષકો અને સામગ્રી) તૈયાર કરવા માટે  નાણાકીય સહાયની એક કેન્દ્ર પુરસ્કૃત યોજના આ જરૂરિયાતને પહોંચીવળવા માટે શરૂ કરી શકાય.

આ વિચારના અમલમાં રાજ્ય સરકારોએ સરખા ભાગીદાર થવાની જરૂર છે. તેથી અમે દરખાસ્ત કરીએ છીએ કે ધોરણ ૧ થી શરૂ કરીને પ્રાદેશિક ભાષા ઉપરાંત ભાષા તરીકે અંગ્રેજીના શિક્ષણ માટેની રાષ્ટ્રીય યોજના બનાવવા માટે નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલની આગામી બેઠકમાં બધા મુખ્યમંત્રીશ્રીઓ સાથે આ બાબત પ્રધાનમંત્રીશ્રી ચર્ચે. બાર વર્ષના શાળેય શિક્ષણ પછી દરેક વિદ્યાર્થી ઓછામાં ઓછી બે ભાષાઓમાં નિપુણતા ધરાવતો હોય તે આનાથી સુનિશ્ચિત કરી શકાશે.

આભાર અને અંગત સાદર સાથે

**સામ પિત્રોડા,**

**ચેરમેન**

**રાષ્ટ્રીય જ્ઞાન આયોગ**

cc - શ્રી મોન્ટેકસિંહ આહ્લુવાલીઆ, ડેપ્યુટી ચેરમેન,
પ્લાનિંગ કમિશન.